# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની અખબારી યાદી દ્વારા તમામ સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉ.ઉ.બુ પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યશ્રીઓ/વાલીઓ/વિદ્યાર્થીઓને જણાવવાનું કે, માર્ચ-૨૦૨૦ ધોરણ-૧૨(સામાન્ય પ્રવાહ,વ્યવસાયલક્ષી પ્રવાહ,ઉ.ઉ.બુ પ્રવાહ)નું પરિણામ તારીખ ૧૫/૦૬/૨૦૨૦ ના રોજ જાહેર કરવામાં આવેલ હતું. પરિણામ બાદ ગુણચકાસણીની અરજીઓ ONLINE માધ્યમથી સ્વીકારવામાં આવેલ હતી, માર્ચ-૨૦૨૦ની ધોરણ-૧૨(સામાન્ય પ્રવાહ,વ્યવસાયલક્ષી પ્રવાહ,ઉ.ઉ.બુ પ્રવાહ)ના પરીક્ષાના ગુણ ચકાસણી બાદના જવાબો ONLINE માધ્યમથી બોર્ડની વેબસાઇટ www.gseb.org અથવા hsc.gseb.org પર તા.૧૬/૦૭/૨૦૨૦ ના રોજ બપોરે ૧૪:૦૦ કલાકથી તા. ૩૦/૦૭/૨૦૨૦ સુધી Online Download કરી શકાશે. ગુણચકાસણીના જવાબો ONLINE માધ્યમથી Download કરવા માટે આપના દ્વારા કરવામાં આવેલ અરજીની વિગત (Seat Number, Mobile Number અને પાસવર્ડ) નો ઉપયોગ કરી લોગીન કરવાનું રહેશે અને જવાબ (રીપોર્ટ) ડાઉનલોડ કરવાનો રહેશે.

જે વિદ્યાર્થીઓના પરિણામમાં સુધારો છે તેઓને શાળાના સરનામે સુધારેલ ગુણપત્રક મોકલી આપવામાં આવશે. ગુણ સુધારણા બાદ ૧ વિષયમાં અનુતિર્ણ રહેવાના કારણે જે વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષાને પાત્ર થતા હોય તે કિસ્સામાં શાળાના લેટરહેડ અને આ સાથે સામેલ પરિશિષ્ટ-A મુજબની વિગત સહિતની અરજી અને પરીક્ષા ફી (જો ભરવા પાત્ર થતી હોઇ તો) સચિવ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગરના નામે ડીમાન્ડ ડ્રાફ્ટ કઢાવી તમામ દસ્તાવેજો સાથે મદદનીશ સચિવ (સામાન્ય પ્રવાહ) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગરના નામે મોકલી આપવાની રહેશે.

સરકારશ્રી દ્વારા કન્યા ઉમેદવારો અને દિવ્યાંગ ઉમેદવારોને પરીક્ષા ફી માંથી મુક્તિ આપેલ છે, તેથી તેઓની ફક્ત વિગત મોકલી આપવાની રહેશે. આ સંબંધિત કાર્યવાહી માટે રૂબરૂ આવવાની જરૂરીયાત રહેશે નહી.

ચાલુ વર્ષે-૨૦૨૦થી ગુણ ચકાસણીના જવાબ ફકત ONLINE માધ્યમથી આપવામાં આવશે. ચાલુ વર્ષ ૨૦૨૦ થી ગુણચકાસણીના જવાબ ટપાલ દ્વારા મોકલી આપવાની પધ્ધતિ અમલમાં રહેશે નહી. જેની તમામ આચાર્યશ્રીઓ / વાલી-વિદ્યાર્થીએ નોંધ લેવા વિનંતી.

(ડૉ. અવનીબા મોરી)
નાયબ નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

તારીખ:-૧૫/૦૭/૨૦૨૦
સ્થળ :- ગાંધીનગર

**પરિશિષ્ટ - A**

(જે શાળાને એક વિષયમાં અનુત્તીર્ણ ઉમેદવારોની ઓનલાઈન /ઓફલાઈન યાદીમાં કોઈ ઉમેદવારનું નામ યાદીમાં ન હોય તે કિસ્સામાં આ નમૂના મુજબ વિદ્યાર્થીની વિગત બોર્ડને રજૂ કરવાની રહેશે.)

GSHSEB Gandhinagar HSC Exam (March 2020) Page Number

## List of Students Eligible for 2020 Supplement Exam

| Sr. No. | Seat No. | Subject Code. | Name of Candidate | Signature of Candidate | Fees |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

Total No. of Students to appear :

Total Amount of Fees Paid :

DD / Challan No. and Date :

Submission Date :

Declaration : The details of the above signed Students are correct as recommended by the school for sulimentary exam to be held in 2020 except those who have not consented.

Signature of Principal with Stamp

Examinatio fees is as under
One subject fees is Rs. 140/-

મહિલા ઉમેદવાર અને દિવ્યાંગ ઉમેદવારને સરકારશ્રીએ ફી ભરવામાંથી મુક્તિ આપેલ હોઈ તેઓ પાસેથી પરીક્ષા ફી લેવાની રહેતી નથી.